ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬



આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ



## શીલ્પકલા અને પ્રકૃતિના વૈભવથી છલોછલ ગામ

# રતનપુર



# સોલંકીકાલીનસ્થાપત્યકલાનુંઅમૂલ્યરત્ન રતનપુરકાંટડીનુંભવ્ય'રતનેશ્વરમહાદેવ'મંદિર

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં રતનપુર ગામની સીમમાં આવેલું રતનેશ્વર મહાદેવનું મંદિર અને તેનું ભવ્ય તોરણ ગુજરાતના સોલંકી સ્થાપત્ય કલાનો એક બેનમૂન વારસો છે. આ સ્થળ માત્ર એક ધાર્મિક આસ્થાનું કેન્દ્ર નથી પરંતુ ભારતીય શિલ્પકલાના સુવર્ણકાળ સમાન ૧૧મી સદીના વૈભવની જીવંત ગવાહી છે. પંચમહાલના ઇતિહાસમાં ચાંપાનેર અને પાવાગઢની હરોળમાં બેસી શકે તેવું આ સ્થાપત્ય આજે પણ ઇતિહાસપ્રેમીઓ અને શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

**૧૧મી સદીનો ઐતિહાસિક વારસો અને લાખા વણઝારાની દંતકથા: પંચમહાલના ગૌરવશાળી ભૂતકાળની સાક્ષી પૂરતું રાષ્ટ્રીય સ્મારક**

1972ના પંચમહાલ ડિસ્ટ્રિક્ટ ગેઝેટિયરની વિગતો અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) ના તથ્યોના આધારે આ મંદિર આશરે ૧૧મી સદીના સોલંકી કાળ દરમિયાન નિર્મિત થયેલું છે. આ સ્થળ ઐતિહાસિક રીતે રતનપુરના પ્રાચીન કિલ્લા અને વ્યૂહાત્મક મહત્વ ધરાવતા વિસ્તાર સાથે જોડાયેલું છે. મંદિરની સ્થાપત્ય શૈલી શુદ્ધ મારુ-ગુર્જર શૈલી છે.

આ સંકુલની સૌથી વિશેષ ઓળખ તેનું કીર્તિ તોરણ છે જે વડનગરના જગપ્રસિદ્ધ તોરણ જેવી જ ભવ્યતા અને બારીક કોતરણી ધરાવે છે. આ તોરણ બે મજબૂત કલાત્મક સ્તંભો પર ટકેલું છે જેના ઉપરના ભાગમાં મકરના મુખમાંથી નીકળતી પથ્થરની કમાનો અને બારીક માળાઓ કોતરેલી છે. સ્તંભો પર દેવી-દેવતાઓ, ગાંધર્વો અને સંગીત વાદ્યો વગાડતા પાત્રોની મૂર્તિઓ કંડારવામાં આવી છે, જે તે સમયના શિલ્પકારોની ઉચ્ચ કોટિની કારીગરીનો શ્રેષ્ઠ નમૂનો છે. મંદિરની બાહ્ય દીવાલો (મંડોવર) પર વિવિધ મુદ્રામાં નૃત્ય કરતી અપ્સરાઓ અને સુરસુંદરીઓની મૂર્તિઓ કંડારાયેલી છે. મંદિરના પાયાના ભાગમાં 'ગજથર' એટલે કે હાથીઓની સળંગ હારમાળા કોતરવામાં આવી છે જે ભારતીય મંદિર સ્થાપત્યમાં શક્તિ અને સ્થિરતાનું પ્રતીક મનાય છે. મુખ્ય મંદિરમાં ગર્ભગૃહ અને મંડપની ભવ્ય રચના છે, જ્યાં રતનેશ્વર મહાદેવનું પવિત્ર શિવલિંગ બિરાજમાન છે. સ્તંભો પર કુંભ અને વેલ (ઘાટ-પલ્લવ) ની ડિઝાઇન સોલંકી યુગની લાક્ષણિકતાઓને સ્પષ્ટ રીતે રજૂ કરે છે.

ઇતિહાસની સાથે આ મંદિર સાથે જોડાયેલી લોકવાયકાઓ પણ અત્યંત રસપ્રદ છે. લોકમુખે એવી ચર્ચા છે કે લાખો વણઝારો જ્યારે આ પ્રદેશમાં રોકાયો હતો ત્યારે તેણે આ ભવ્ય મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. વણઝારાઓ જ્યાં રોકાતા




ત્યાં આવા સ્થાપત્યો ઊભા કરતા હોવાની માન્યતા છે. એક રોમાંચક વાર્તા એવી પણ છે કે રતનેશ્વર, મરડેશ્વર, ગડતેશ્વર અને ડેસરના મંદિરો માત્ર એક જ રાતમાં તૈયાર થયા હતા. જોકે, અન્ય મંદિરોનો સમયાંતરે જીર્ણોદ્ધાર થયો, પણ રતનેશ્વર મંદિર આજે પણ તેના મૂળ પ્રાચીન અને રો સ્વરૂપમાં સચવાયેલું છે

વિશાળ રતનેશ્વર તળાવની બિલકુલ બાજુમાં આવેલું આ મંદિર પ્રકૃતિ અને સંસ્કૃતિનો અનોખો સંગમ રચે છે. હાલમાં આ સ્થળ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા રાષ્ટ્રીય મહત્વના સ્મારક તરીકે સંરક્ષિત છે. શ્રાવણ માસ દરમિયાન અહીં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે, જ્યાં ભક્તિ અને ઇતિહાસનું એક અલગ જ વાતાવરણ સર્જાય છે. પંચમહાલના ગૌરવ સમાન આ સ્થાપત્ય આજે પણ ગુજરાતના ગૌરવશાળી સાંસ્કૃતિક વારસાની સાક્ષી પૂરે છે.

પંચમહાલનું આ ઐતિહાસિક સ્થાપત્ય હજુ જોઈએ તેટલું પ્રસિદ્ધિમાં આવ્યું નથી. જેથીસ્થાનિક ગ્રામજનો અને ઇતિહાસપ્રેમીઓ એવી આશા સેવી રહ્યા છે કે, જો આ સ્થળને 'ટુરિઝમ સર્કિટ' માં સામેલ કરવામાં આવે અને અહીં પાયાની સુવિધાઓ જેવી કે સારા રસ્તા, માહિતી કેન્દ્ર અને તળાવ કિનારે બ્યુટિફિકેશન કરવામાં આવે, તો આ સ્થળ રાજ્યના પ્રવાસન નકશા પર તેજસ્વી રીતે ઉભરી શકે તેમ છે. આ વારસાનું યોગ્ય માર્કેટિંગ અને વિકાસ કરવામાં આવે તો અહીં પ્રવાસીઓની અવરજવર વધશે જેનાથી સ્થાનિક રોજગારીની નવી તકો પણ ઉભી થશે. લોકો ઈચ્છી રહ્યા છે કે સરકાર અને પ્રવાસન વિભાગ આ છુપાયેલા રત્ન'સમાન વારસાને યોગ્ય ન્યાય અપાવે.

# કુણ નદીના પવિત્ર તટે પ્રકૃતિ અને પ્રાચીન સંસ્કૃતિનો વિશિષ્ટ સંગમ એટલે પંચમહાલ જિલ્લા અનોખું ગામ 'રતનપુર-કાંટડી'



પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં કુણ નદીના નિર્મળ નીરના સાનિધ્યમાં વસેલું રતનપુર-કાંટડી ગામ આજે પણ તેના ગૌરવશાળી ઇતિહાસ અને ગ્રામીણ સંસ્કૃતિની સુવાસ ફેલાવી રહ્યું છે. આ ગામની ઓળખ માત્ર એક ભૌગોલિક સ્થળ તરીકે નહીં પરંતુ એક અમૂલ્ય સાંસ્કૃતિક ધરોહર તરીકે થાય છે. ગામમાં પ્રવેશતાની સાથે જ ભવ્ય પ્રવેશદ્વાર નજરે પડે છે જે રતનપુર-કાંટડીની શાન અને મર્યાદામાં અભિવૃદ્ધિ કરે છે.

ઐતિહાસિક સંદર્ભો અને લોકવાયકા મુજબ, પ્રાચીન સમયમાં અહીં રાજા રતનસિંહનું શાસન હતું. પ્રજાપ્રેમી રાજા રતનસિંહના નામ પરથી જ આ વિસ્તારમાં રતનેશ્વર તળાવ અને પવિત્ર રતનેશ્વર મહાદેવ મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. કાળક્રમે આ સ્થળ રાજાના નામ પરથી રતનપુર-કાંટડી તરીકે ઓળખાવા લાગ્યું. આજે પણ ગામની સીમમાં આવેલું વિશાળ તળાવ અને ૧૩મી સદીના સ્થાપત્યની ઝાંખી કરાવતું રતનેશ્વર મહાદેવનું મંદિર આ ગામની પ્રાચીનતાની ગવાહી પૂરે છે.

**૧૩મી સદીના ઐતિહાસિક વારસાને હૈયે સંઘરીને બેઠેલું રજવાડા કાળનું રત્ન જેવું ગામ**

રતનપુર-કાંટડીની સૌથી મોટી વિશેષતા અહીંનું સામાજિક માળખું છે. અહીં તમામ સમુદાય અને જ્ઞાતિના લોકો પરસ્પર ભાઈચારા અને સંપથી રહે છે. કોઈપણ સામાજિક પ્રસંગ હોય કે ધાર્મિક મહોત્સવ, ગ્રામજનો એકતાના દર્શન કરાવે છે. ગામમાં શિક્ષણના પ્રસાર માટે શાળાઓ અને સ્વાસ્થ્ય સેવાઓ માટે આરોગ્ય કેન્દ્રની સુવિધા ઉપલબ્ધ છે. આર્થિક વિકાસને વેગ આપવા માટે ગામમાં બેંકની સુવિધા પણ કાર્યરત છે, જે સ્થાનિક ખેડૂતો અને પશુપાલકો માટે આશીર્વાદરૂપ બની રહી છે.

કુણ નદીના ફળદ્રુપ કિનારે વસેલા રતનપુર-કાંટડીનો મુખ્ય આધાર ખેતી અને પશુપાલન છે. નદીના સાનિધ્યને કારણે અહીંની જમીન ફળદ્રુપ છે, જે ખેતીને સમૃદ્ધ બનાવે છે. પશુપાલનનો વ્યવસાય ગામના અર્થતંત્રમાં મહત્વનો ભાગ ભજવે છે અને લોકો પરંપરાગત રીતે પ્રકૃતિ સાથે જોડાયેલા છે.

શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર એવા આ ગામમાં તમામ દેવી-દેવતાઓના ભવ્ય મંદિરો આવેલા છે. જ્યાં નિત્ય પૂજા-અર્ચના દ્વારા વાતાવરણ ભક્તિમય રહે છે. ગામની એક બાજુએ આવેલું વિશાળ તળાવ પ્રકૃતિની શોભા વધારે છે જે પશુ-પંખીઓ માટે પણ આશ્રયસ્થાન છે. બાજુમાં જ આવેલું ૧૩મી સદીનું ઐતિહાસિક રતનેશ્વર મહાદેવનું મંદિર ઇતિહાસ પ્રેમીઓ અને સંશોધકો માટે આજે પણ આકર્ષણનું કેન્દ્ર છે.